**ક્રિમીનલ ઈન્કવાયરી નંબર– 1402/2019**

## આંક–૧ નીચે હુકમ

ફરિયાદ તથા રેકર્ડ વંચાણે લીધા. ફરિયાદી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા. ફરિયાદી તરફે વિ.વકીલશ્રીએ **આંક–૦૬** થી પુરશીસ આપી એવી હકીકત જાહેર કરેલ છે કે, ફરિયાદ સાથે જરૂરી તમામ દસ્તાવેજો રજુ કરેલ છે અને આ તબકકે બીજા કોઈ દસ્તાવેજો રજુ કરવાના નથી. વધુમાં,ફરિયાદીએ પોતાની દલીલમાં એવી હકીકત જણાવેલ છે કે, ફરિયાદીની બેંક અત્રેની કોર્ટની હકુમતમાં આવેલ છે તેમજ આરોપીને નોટીસ પણ અત્રેની કોર્ટની હકુમતમાં આવેલ બ્રાન્ચ ઓફીસથી મોકલવામાં આવેલ છે. આમ, ફરિયાદી તરફે રજુ પુરશીસ તથા કાયદાકીય જોગવાઈ મુજબ ફરિયાદી જે જગ્યાએ ખાતુ ધરાવતા હોય અને નિભાવતા હોય તે ખાતામાં નાણાની વસૂલાત માટે ચેક રજૂ કરે ત્યારે જે કોર્ટની હકુમતમાં ફરિયાદીનુ ખાતુ નિભાવતી બેંક આવેલ હોય તે કોર્ટને ફરિયાદ અંગે ન્યાયિક કાર્યવાહી કરવાના અધિકારો પ્રાપ્ત થાય છે. તે સંજોગોમાં ઉપરોકત હકીકતો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા હાલની ફરિયાદ બાબતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૨ (૨) (૧)ની જોગવાઈ મુજબ અત્રેની કોર્ટને સદર ગુના સબબ કોંગનીઝન્સ લેવાનુ અને સદર ફરિયાદ ચલાવવાની સતા છે.

વધુમાં, ફરિયાદીની ફરિયાદ, સરતપાસનું સોગંદનામુ તથા રજુ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આરોપી સામે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮,૧૪૧ મુજબના ગુનો બનતો હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતુ હોઈ સદર ફરિયાદ ક્રિમીનલ કેસ રજીસ્ટરે દાખલ કરી **આરોપી નં. ૧, ૨** સામે સી.આર.પી.સી.ની કલમ–૨૦૪ મુજબ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮,૧૪૧ મુજબના ગુનાનો સમંસ મુદત તારીખ **: ૬/૭/૨૩** ના રોજનો કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૦૪/૦૫/૨૦૨૩
અમદાવાદ

(એન.એ.ગઢવી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
(એન.આઈ.એકટ) કોર્ટ નં.૩૩,
અમદાવાદ